બહેન લક્ષ્મીબાઈ નારાયણજી કોટકના લગ્નપ્રસંગે
સંસ્કૃતસાહિત્યપ્રેમીઓને ભેટ

કાવ્યકુસુમ[illegible]

(ગુજરાતી ટીકા સાથે)

[illegible]નો:
વલ્લભદાસ [illegible]નજી ગણાત્રા
"સત્યાગ્રહગીતા", "[illegible]", "[illegible]સન્દેશ", ને
"સદ્બોધશ[illegible]" આદિના કર્તા

પ્રકાશક:
[illegible] નારાયણજી [illegible] કોટક
[illegible]ભંડારી સ્ટ્રીટ, [illegible]ગાદી મુંબઈ

સંવત્ ૧૯[illegible] | [illegible] પ્રત ૧૦[illegible] | [illegible] ઈ. સ. ૧૯૩૧

(બહારગામવાસીઓએ અર્ધા આનાની ટીકીટ મોકલવી)

૧૫૬૫૭

નટવરલાલ ઇચ્છારામ દેસાઇએ
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું. સાસુન બિલ્ડીંગ સર્કલ,
કોટ-મુંબઈ.

બહેન લક્ષ્મીબાઈ નારાયણજી પ્રેમજી કોટકના શુભલગ્નમાં શુભઆશિષ્

મંગલાષ્ટક

શાર્દૂલ વિક્રીડિતવૃત્ત

यो गोपायति सर्वदा यतिपतीन् पापांश्च धूपायति
यस्मात्कोऽप्यधिको न सर्वभुवने देवोऽस्ति क्षेमंकरः।
यं सर्वे मुनयः स्मरन्ति मनसि प्रीत्या स देवेश्वरो
लक्ष्मीमंगलमातनोतु परमं लग्नप्रसंगे शुभे ॥ १ ॥

ગંગા જેની જટામહીં વિલસતી પાપો બધાં કાપતી,
જેના શેખરમાં રહી શશિકલા શાંતિસુધા આપતી;
જેના કંઠની આસપાસ ફણિના ખેલી રહ્યા રાજવી,
આપો મંગલ લક્ષ્મીને શિવ સદા દેવો તણા રાજવી. ૨
મિઠાં સુંદર પ્રેમનાં વચનથી જેને વખાણે બહુ,
મિઠાં ભોજન જેહને ધરી પછી આરોગતા રે સહુ;
જેના ગાતી ગુણો અપાર જગમાં દેવી ભલી શારદા,
આપો મંગલ લક્ષ્મીને બહુ બહુ ગોપાલ એ સર્વદા. ૩
કાશી પાસ વસી બધાં મનતણાં નાસી જતાં પાતકો,
કાશીનાં શુભ નામનાં સ્મરણથી રાશિ મળે પુણ્યના;
એ કાશીપતિ સર્વદા જગતના કલ્યાણકારી ઘણું,
આપો મંગલ લક્ષ્મીને બહુ બહુ આ લગ્નના ઉત્સવે. ૪

જાણી ના શકતા **પ્રતાપ** જગમાં જેનો મનુષ્યો કદી,
જેના **વિક્રમને સરસ્વતી** કથે વાક્યો અનેરાં વદી;
શાંતિ જે થકી આવતી જય અને **લક્ષ્મી** વધે જે થકી.
એવા નાથ થજો જ **લક્ષ્મીભગિનીકલ્યાણકારી** નક્કી. ૫

પ્રીતિથી મુનિવૃંદ સ્તુતિ કરીને જેને સદા વંદતા,
જેનાં દર્શન પામતાં હૃદયની ચાલી જતી મંદતા;
ભાનુ ચંદ્ર સદા રહી નિયમમાં જેનાં બળે ચાલતા,
લક્ષ્મીદામજીયુગ્મને સુખી કરો જે વિશ્વને રક્ષતા. ૬

જેનું પૂજન મોક્ષ માટ કરતા પ્રીતિ ધરી યોગીઓ,
જેનું ચિન્તન ભોગ માટ કરતા પ્રીતિ ધરી ભોગીઓ;
શુદ્ધિ જે થકી આવતી મન મહીં બુદ્ધિ વધે સત્વર,
આપો મંગલ સર્વદા યુગલને તે દેવ વિશ્વંભર. ૭

જેનાં ધ્યાનથી માનપાન સઘળાં આવી મળે હાથમાં,
જેની શક્તિ અગાધ છે જગતમાં જે ભક્તના સાથમાં;
આનન્દો મળતા અને વિમલતા થાતી જ જેને સ્મરી,
એવા દેવ દયાલુ આ યુગલને માંગલ્ય આપો હરિ. ૮

સંવત્ ૧૯૮૭ ના પોષ વદ ૧૧.

રચનાર
અધ્યાપક—**વલ્લભદાસ ભગવાનજી ગણાત્રા.**

ભૂમિકા

કવિશ્રી વલ્લભદાસ ભગવાનજી ગણાત્રાનાં 'સદ્બોધશતક' 'સત્યાગ્રહ-ગીતા' ને 'રાષ્ટ્રિય મેઘદૂત' આદિ પુસ્તકો સંસ્કૃતસાહિત્યસુધારસપાન કરનારા બંધુઓ સમક્ષ આવી ચુકયાં છે જેથી ફરી ફરીને કવિનો પરિચય કરાવવાની આવશ્યકતા રહેતી નથી. એ વાત તો નિઃસંદેહ છે કે ઘણા થોડા જ વખતમાં આ કવિનું નામ સંસ્કૃત પ્રેમીઓમાં પ્રસિદ્ધિ પામશે, એટલું જ નહિ પણ કોઇ એવો સમય આવશે કે જ્યારે આ કવિની રચનાઓને લોકો વધાવી લેશે; અને એ રીતે કવિ પોતાનું નામ અમર કરવામાં સફળ બનશે. વર્તમાનયુગમાં સંસ્કૃત ભાષાના પ્રેમીઓ બહુજ ઓછા છે. વેઢાઓ પર ગણી શકાય એમ છે તેથી કદાચ કવિને પ્રોત્સાહન મળવામાં વાર લાગશે તથાપિ જો આવી જ રીતે પ્રયત્ન ચાલુ રહેશે તો ચાલુ કહેવત "ધીરજનાં ફળ મીઠાં હોય છે"નો અનુભવ કવિ પોતે જાતે કરી શકશે. અસ્તુ. પ્રકૃત ગ્રંથમાં મુખ્ય રીતે કવિએ સદ્ગુણ, સદ્વિચાર, સ્ત્રીઓની ઉન્નતિ, શ્રદ્ધા આદિ વિષયો પર પ્રકાશ નાંખ્યો છે. સંપૂર્ણ પુસ્તકને વાંચી જવાથી કવિના ઉદ્ગારોને સમજી શકાય એમ છે. સંસ્કૃત સરલ હોવાથી વળી સાથમાં ગુજરાતી ભાષામાં અર્થ હોવાથી સંસ્કૃત ન જાણનારાઓ પણ સહેલાઇથી કવિની કૃતિનો રસ લઇ શકે છે. નાના બાળકો માટે આ નાની સરખી ચોપડી બહુ જ લાભદાયક છે. નાનું બાળક ને કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે એ કહેવત પ્રમાણે જો માતપિતા પોતાનાં પ્રિય સંતાનને સદ્ગુણી બનાવવા ધારતા હોય ને સાથે સાથે સંસ્કૃતનું પણ શિક્ષણ આપવા ધારતા હોય તો હું ધારૂં છું કે આ ચોપડી તેઓને બહુ જ મદદગાર થઇ પડશે. કવિને પ્રોત્સાહન મળવાથી વળી કંઇક બીજી રચના પણ જોવાનો લાભ મળી શકશે. આ પ્રમાણે એક પંથ અને અનેક કાજ થશે. જો કે સંસ્કૃતસાહિત્યની આ ચોપડીથી વિશેષ સેવા નહિ થઇ હોય એમ ઘણા ખરા વિદ્વાનો માનશે

તથાપિ આટલું તો નિઃસંદેહ છે કે સંસ્કૃત ભાષાનો પ્રચાર કરવામાં અને જનતાપ્રતિ તેની રૂચિ ઉત્પન્ન કરવામાં જરૂર તે મદદગાર થશે. હું સર્વ લોહાણા જ્ઞાતિબંધુઓને તથા અન્ય સંસ્કૃત પ્રેમીબંધુઓને વિનતિ કરૂં છું કે તેઓ બીજું કંઇ નહિ તો ઉપકાર સમજીને પણ મોટા ઉત્સાહથી આ ચોપડીને વધાવી લેશે કે જેથી ભવિષ્યમાં સંસ્કૃતના પ્રચાર માટે આ કવિ વિશેષ ઉત્સાહી બની શકશે. લક્ષ્મી અને સરસ્વતીનો વિરોધ અનાદિકાલથી ચાલ્યો આવે છે અને તેથી જ સરસ્વતીને ઘણું જ નુકસાન પહોંચ્યું છે ને હજીએ ખમવું પડશે; માટે છેવટમાં હું લક્ષ્મીપતિઓને ભલામણ કરીશ કે તેઓ તે સરસ્વતી માટે પોતાની લક્ષ્મીનો થોડો ઘણો ભોગ આપી આવા ઉત્સાહીજનોને અવારનવાર મદદ આપતા રહે. આ ચોપડી છપાવવા માટે મદદ આપનાર ભાઇશ્રી **નારાયણજી પ્રેમજી** કોટકને બહુ બહુ ધન્યવાદ ઘટે છે. હું તો કહીશ કે તેઓની લક્ષ્મીનો આ કાર્યમાં સદુપયોગ જ થયો છે. सुज्ञेषु किं बहुना

વિદુષાં કિંકરઃ

પંડિત મંગળદેવ વેદાલંકાર
સ્નાતક, ગુરૂકુળ, કાંગડી (હરદ્વાર)

મુંબઈ, તા૦ ૧૫-૧૧-૧૯૩૦

કર્તાનું નિવેદન.



મને જણાવતા આનંદ થાય છે કે આ પુસ્તકનું પ્રકાશન શેઠ નારાયણજી પ્રેમજી કોટક જેવા એક ઉત્સાહી અને જાતિભેદ વિના પરોપકાર કરનાર ઉદારાત્મા લોહાણા વીર નરને હાથે થાય છે. ઇ. સ. ૧૯૨૯ ના ફેબ્રુઆરિ માસના હિન્દુ મુસલમાનના ભયંકર હુલ્લડ વખતે જાનમાલનું જોખમ વેઠીને સેંકડો માણસોના જાન બચાવી એમણે જે કીર્તિ સંપાદન કરી હતી તે માટે આપણે મગરૂર થવા જેવું છે. એવા એક વીર પુરૂષની પુત્રી બહેન લક્ષ્મીબાઇને અંગ્રેજી અને સંસ્કૃતનું શિક્ષણ આપવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો હતો.

વિવાહના શુભ પ્રસંગે ફુલના હાર અર્પણ કરવામાં આવે છે. એ ફુલની સુગંધ તો અલ્પ કાળ સુધી રહે છે પણ જેની સુગંધી જીવન પર્યંત ટકી રહે એવાં કાવ્યરૂપી ફુલોની આ માળા આપણા જ્ઞાતિબંધુઓ અને બહેનોને બહેન લક્ષ્મીબાઇના વિવાહપ્રસંગે શેઠ નારાયણજીભાઈ અર્પણ કરે છે મને આશા છે કે તેની સુવાસ લઇ અન્ય જ્ઞાતિબંધુઓ બીજી લ્હાણીઓને બદલે આવી જ્ઞાનની લ્હાણી કરશે, તો મારો શ્રમ સફળ થએલો હું માનીશ.

છેવટે આ પુસ્તકની ભૂમિકા લખી આપવા માટે આપણી કચ્છી લોહાણા જ્ઞાતિના સંસ્કૃત ભાષાના પંડિત મંગલદેવજીનો હું આભાર માનું છું.

c/o શેઠ ગોપાલજી રામજી
પ્રતાપ બિલ્ડીંગ, ભટવાડી,
ગીરગામ, મુંબઈ નં. ૪.

કર્તા:
વલ્લભદાસ ભગવાનજી ગણાત્રા

काव्यकुसुममाला

मंगलाचरणः ।

औदार्यं सततं प्रसिद्धमतुलं यस्यास्ति भक्तान्प्रति
दुष्टानां निकरः पलायति भृशं यस्माच्च भीतः प्रभोः ।
यत्कीर्तिं विमलां नुवन्ति विबुधा लक्ष्म्या च यः शोभते
दद्यान्मे विजयं परं स भगवान् नारायणः पापहा ॥

ભકતો પ્રતિ જેની અતુલ ઉદારતા સર્વદા પ્રસિદ્ધ છે, જેનાથી અત્યંત ડરીને દુષ્ટ માણસોનો સમૂહ પલાયન કરી જાય છે, જેની વિશુદ્ધ કીર્તિને વિદ્વાનો વખાણે છે ને જે લક્ષ્મીવડે શોભે છે એવા પાપનો નાશ કરનાર પરમાત્મા મને પરમ વિજય અર્પણ કરો.

लक्ष्मीः स्थिरा यत्कृपया प्रजायते
प्रसन्नतां गच्छति शारदा सदा ।
प्रतापकीर्तिद्वयमत्र वर्धते
कुर्यादसौ मे भगवान् सहायताम् ॥

જેની કૃપાથી લક્ષ્મી સ્થિર થાય છે, શારદા દેવી સદા પ્રસન્ન થાય છે અને પ્રતાપ તથા કીર્તિ વધે છે એવા ભગવાન મને સહાય આપો.

सद्गुणैर्भूषितं यस्य हृदयं भुवि विद्यते ।
मर्त्योऽमर्त्योपमोऽसौ तु सदा पूजास्पदं खलु ॥ १ ॥

સદ્ગુણોવડે જેનું હૃદય અલંકૃત છે તે માણસ ખરેખર દેવ સમાન છે અને સદા પૂજ્ય છે. ૧

सद्गुणै रहितो लोके लोकेशसंनिभोऽपि सन् ।
प्रयात्येव जनो नित्यं शोकसागरसन्निधिम् ॥ २ ॥

સદ્ગુણ વિનાનો માણસ રાજા જેવો હોવા છતાં ગરીબ છે; તે હંમેશાં શોકરૂપી સાગર પાસે જઇ રહ્યો છે. ૨

सुस्थिरां संपदं लिप्सुः सद्गुणोपार्जने जनः ।
मनो दद्यात्सदा तेन न संपन्नाशमृच्छति ॥ ३ ॥

સ્થાયી સંપત્તિ મેળવવાની ઇચ્છા રાખનારે સદ્દગુણ મેળવવા સદા મન આપવું; તેથી સંપત્તિ નષ્ટ થતી નથી. ૩

न धनं धनमित्याहुः सद्गुणः परमं धनम् ।
सद्गुणे विद्यते कीर्तिस्तदभावे तु संक्षयः ॥ ४ ॥

ધન એ ખરૂં ધન નથી કહેવાયું; સદ્દગુણ પરમ ધન છે. સદ્દગુણમાં કીર્તિ છે અને તેના અભાવમાં નાશ રહ્યો છે. ૪

सद्गुणोपार्जनं येन जनेनाकारि जित्वरम् ।
तत्पादयुगले सर्वं जगत्पतति सत्वरम् ॥ ५ ॥

જે માણસે જય આપનાર એવું સદ્દગુણનું ઉપાર્જન કર્યું છે તેના પગમાં આખું જગત્ સત્વર નમે છે. ૫

सद्गुणैर्भूषिता नारी रूपहीनापि पूज्यते ।
सद्गुणै रहिता नारी रूपवत्यपि निन्द्यते ॥ ६ ॥

સદ્દગુણો વડે શોભતી સ્ત્રી રૂપ વિનાની હોય છતાં પૂજાય છે; સદ્દગુણ વિનાની સ્ત્રી રૂપાળી છતાં નિંદાય છે. ૬

सद्गुणे क्रियतां यत्नो धनं नो यदि ते भवेत् ।
सद्गुणः परमं वित्तं यस्य नाशो न विद्यते ॥ ७ ॥

પાસે ધન ન હોય તો સદ્દગુણ માટે યત્ન કરો; સદ્દગુણ પરમ ધન છે કે જેનો નાશ થતો નથી. ૭

सद्गुणालंकृतो मर्त्यो राष्ट्रगौरवमुच्यते ।
सद्गुणानां बलेनात्र शीघ्रं दुःखात्स मुच्यते ॥ ८ ॥

સદ્દગુણથી શોભતો માણસ દેશનું ગૌરવ કહેવાય છે, સદ્દગુણના બળ વડે તે દુઃખથી જલદી મુક્ત થાય છે. ૮

सौन्दर्यस्य भवेन्नाशः काले गच्छति देहिनाम् ।
सद्गुणाख्यस्य रूपस्य न क्षयो जायते क्षितौ ॥ ९ ॥

વખત જતાં રૂપનો નાશ થાય છે પણ સદ્‌ગુણ રૂપી રૂપનો આ જગતમાં નાશ થતો નથી. ૯

सौन्दर्यं श्लाघमानानां संख्यास्ति विपुला भुवि ।
सद्गुणे प्रेम कुर्वाणा दृश्यन्ते विरला नराः ॥ १० ॥

સૌન્દર્યને વખાણનારાની આ પૃથ્વી પર મોટી સંખ્યા છે, પણ સદ્‌ગુણમાં પ્રેમ રાખનારા માણુસો વિરલા હોય છે. ૧૦

कविभिः कथितं सत्यं चतुरा जननी गुरुः ।
कुत्रापि तादृशो लब्धुं शक्यते न गुरुर्वरः ॥ ११ ॥

કવિઓએ કહ્યું છે કે ખરેખર ચતુર માતા ગુરૂ છે. તેના જેવો ઉત્તમ શિક્ષક ક્યાંયે પણ મળવો શક્ય નથી. ૧૧

सद्विचारैः सदा पूर्णं कुरुते पुत्रमानसम् ।
यथासौ जगतो मध्ये भवेद्राष्ट्रस्य भूषणम् ॥ १२ ॥

તેણી પોતાના બાળકનાં મનને સારા વિચારોથી ભરે છે કે જેથી તે જગતમાં દેશનું ભૂષણ બને છે. ૧૨

अज्ञानेन युता नित्यं यत्र संस्कारवर्जिताः ।
मानेन रहिताः सन्ति मातरस्तत्र नोन्नतिः ॥ १३ ॥

જે ઠેકાણે માતાઓ અજ્ઞાનયુક્ત, સંસ્કાર વિનાની અને માન રહિત હોય છે ત્યાં ઉન્નતિ થતી નથી. ૧૩

मातॄणां पूजने नूनं परमेश्वरपूजनम् ।
यत्र मातृप्रसादः स्यात्तत्र शान्तिः सुखं जयः ॥ १४ ॥

માતાઓની પૂજામાં નક્કી પ્રભુની પૂજા છે જ્યાં માતાઓની કૃપા હોય છે ત્યાં શાંતિ, સુખ અને જય હોય છે. ૧૪

चतुरा विदुषी माता कुलस्य खलु भूषणम् ।
दिव्यशक्तियुता माता राष्ट्रस्योन्नतिकारणम् ॥ १५ ॥

ચતુર અને ભણેલી માતા ખરેખર કુળનું ભૂષણ છે માતામાં દિવ્ય શક્તિ છે અને તે રાષ્ટ્રોન્નતિનું કારણ છે. ૧૫

जननीभुजयुग्मस्थं कल्याणं सकलं भुवि ।
वीरान् वा कातरान् स्रष्टुं तस्यां शक्तिर्हि वर्तते ॥ १६ ॥

આ પૃથ્વીપર માતાના હાથમાં બધું કલ્યાણ રહ્યું છે; વીર અને કાયર માણસો પેદા કરવાની શક્તિ તેનામાં છે. ૧૬

नारीणां दुर्दशा यत्र तत्र देशस्य दुर्दशा ।
नारीणामुन्नतिर्यत्र तत्र राष्ट्रस्य चोन्नतिः ॥ १७ ॥

જ્યાં સ્ત્રીઓની દુર્દશા છે ત્યાં દેશની દુર્દશા છે; જ્યાં સ્ત્રીઓની ઉન્નતિ છે ત્યાં દેશની ઉન્નતિ છે. ૧૭

सुशीला वनिता यत्र तत्र लक्ष्मीर्वसेच्चिरम् ।
सुशीला वनिता नूनं शक्तिस्तु महती मता ॥ १८ ॥

જ્યાં સદાચારિણી પત્ની હોય છે ત્યાં લક્ષ્મી ચિરકાળ સુધી રહે છે; ખરેખર સુશીલ સ્ત્રી મહાન્ શક્તિ છે. ૧૮

नारीणां सदनं राज्यं तासां तत्रास्ति शासनम् ।
अतुलो वर्तते नूनं प्रभावो निजबालके ॥ १९ ॥

ઘર એ સ્ત્રીઓનું રાજ્ય છે; તેમનું ત્યાં શાસન છે; તેમનો પ્રભાવ પોતાના બાળક પર ખરેખર પ્રબળ હોય છે. ૧૯

नैतद्दुःखकरं बालो यदज्ञानेन संकुलः ।
तन्मे दुःखकरं नूनं यन्माता ज्ञानवर्जिता ॥ २० ॥

એક છોકરો અજ્ઞાન રહે છે તે દુઃખદાયક નથી; પણ એક માતા અજ્ઞાન રહે તે મને દુઃખ આપે છે. ૨૦

अन्यत्र विद्यते नैव कारणं सुखदुःखयोः ।
अस्मदीयविचारेषु तन्मूलं ननु संस्थितम् ॥ २१ ॥

સુખ અને દુઃખનું કારણ બીજે ક્યાંય નથી આપણા વિચારોમાં તેનું મૂળ રહ્યું છે. ૨૧

सद्विचारयुतो नित्यं विश्वासो यस्य चेतसि ।
स्वास्थ्यं तत्र जयस्तत्र तत्र सर्वं सुखं स्थितम् ॥ २२ ॥

જેના મનમાં સદ્‌વિચારપૂર્ણ વિશ્વાસ હોય છે ત્યાં સ્વાસ્થ્ય છે, ત્યાં જય છે અને ત્યાં સર્વ સુખ છે. ૨૨

विश्वासो विद्यते यस्ते सर्वसाफल्यसंगतः ।
चलितं तं जनः कर्तुं यत्नशीलोऽहितो मतः ॥ २३ ॥

કાર્યની સફળતા માટે તારો જે વિશ્વાસ છે તેને જે ચલિત કરવા યત્ન કરે છે તે તારો રિપુ છે. ૨૩

महानहमहं शक्तो विश्वासः कार्यसाधने ।
इति विचारयन्मर्त्यो लभते प्रबलं बलम् ॥ २४ ॥

હું મહાન્ છું, હું શક્ત છું, કાર્યસિદ્ધિમાં મને વિશ્વાસ છે; આવા વિચારથી માણસને પ્રબળ શક્તિ મળે છે. ૨૪

बुद्धिमानपि शक्तोऽपि विश्वासरहितो नरः ।
साफल्यं लभते नैव विश्वासः सिद्धिदायकः ॥ २५ ॥

બુદ્ધિમાન્ હોય, શક્તિમાન્ હોય તો પણ વિશ્વાસ વિનાનો માણસ સફળ થતો નથી; વિશ્વાસ સિદ્ધિ આપનારો છે. ૨૫

परेषां वचनं श्रुत्वा विपदश्च भयादिह ।
न तस्य विजयो लोके धैर्यं यस्य विनश्यति ॥ २६ ॥

પારકાનું વચન સાંભળીને અને વિપત્તિના ભયથી જેનું ધૈર્ય નાશ પામે છે તેને વિજય મળતો નથી. ૨૬

उपहासं करिष्यन्ति मानवा इति मा कृथाः ।
विचारं हृदये बंधो धैर्याद्यत्नो विधीयताम् ॥ २७ ॥

હે ભાઈ, માણસો મારી મશ્કરી કરશે એવો વિચાર હૃદયમાં કરતો ના. ધૈર્યથી યત્ન કરજે. ૨૭

अयमारोग्यमार्गोऽस्ति चेतसो यत्पवित्रता ।
अयं विजयमार्गोऽस्ति विश्वासो यद् निजात्मनि ॥ २८ ॥

ચિત્તની પવિત્રતા એ આરોગ્યનો માર્ગ છે; આત્મવિશ્વાસ એ વિજયનો માર્ગ છે. ૨૮

नरकस्य विचारेण नरकं प्रतिपद्यते ।
स्वर्गस्य च विचारेण स्वर्गलाभः प्रजायते ॥ २९ ॥

નરકના વિચારથી નરક મળે છે અને સ્વર્ગના વિચારથી સ્વર્ગ મળે છે. ૨૯

विचारे विद्यते स्वर्गो विचारे नरकं स्थितम् ।
विचारे महती शक्तिर्विचारः सुखदुःखदः ॥ ३० ॥

વિચારમાં સ્વર્ગ છે; વિચારમાં નરક છે વિચારમાં મહાન્ શક્તિ છે; વિચાર સુખદુઃખને દેનારા છે ૩૦

दुःखस्य सकलं मूलं नराणां मनसि स्थितम् ।
सद्विचारैः शुभाशाभिः पूरणीयमतो मनः ॥ ३१ ॥

દુઃખનું સઘળું મૂળ માણસોના મનમાં રહેલું છે; માટે સારા વિચાર અને સારી આશાથી મનને ભરવું. ૩૧

आत्मानं कुरुते पूतं सुदृढं विपदागमः ।
दुःखमेवोन्नतेर्मूलं न दुःखेन विना सुखम् ॥ ३२ ॥

વિપત્તિ આપણા આત્માને પવિત્ર અને દૃઢ બનાવે છે; દુઃખજ ઉન્નતિનું મૂળ છે; દુઃખ વિના સુખ નથી. ૩૨

न कार्यभारतो मर्त्यो निधनं खलु गच्छति ।
चिन्तया बहवो नष्टा इति सर्वे विदुर्जना: ॥ ३३ ॥

ખરેખર કામના બોજાથી માણસ મરતો નથી; ચિન્તાથી ઘણા માણસ નાશ પામ્યા છે એ બધા માણસો જાણે છે ૩૩

चिंतया पलितं शीर्षं जायते नात्र संशयः ।
चिंतया मृत्युरायाति नराणां निकटं तथा ॥ ३४ ॥

ચિન્તાથી માથું સફેદ બને છે એમા શંકા નથી અને ચિન્તાથી માણસોની નજીક મૃત્યુ આવે છે. ૩૪

दु:खविस्मरणं नूनं दु:खनाशनकारणम् ।
दु:खस्य जायते वृद्धिः स्मरणेन दिने दिने ॥ ३५ ॥

દુ:ખને ભૂલી જવું એ દુ:ખ નાશ કરવાનો ઉપાય છે; યાદ કરવાથી દિવસે દિવસે દુ:ખ વધે છે. ૩૫

बुभुक्षापीडिता यत्र मृतप्राया: जना: स्थिता: ।
उचित: किं भवेत्तत्र विनोद: काव्यसंगत: ॥ ३६ ॥

જ્યાં ભૂખથી પીડિત થઈને માણસો મૃતતુલ્ય બન્યા હોય ત્યાં કાવ્ય-વિનોદ લેવો ઉચિત છે? ૩૬

किं वर्षावर्णनेनास्ति किं सूर्योदयवर्णनम् ।
कवीनामुचितं तत्र यत्र देशोऽस्ति बंधने ॥ ३७ ॥

જ્યારે દેશ ગુલામીમાં હોય ત્યારે વર્ષા ઋતુના વર્ણનથી કવિઓને શો લાભ છે અને શું સૂર્યોદયનું વર્ણન કરવું યોગ્ય છે? ૩૭

कथं चेत:प्रसादाय संध्यासुंदरवर्णनम् ।
कथं काव्यामृतस्वादो रोचेत कवये तथा ॥ ३८ ॥

સંધ્યાનુ સુંદર વર્ણન ચિત્તને કેમ પ્રસન્નતા આપે અને કાવ્યમૃતનો આસ્વાદ કવિને કેમ ગમે? ૩૮

काव्यनिर्माणयत्नाय कथं चित्तं रतं भवेत् ।
रुदन्ति पीडिता यत्र करुणं साश्रुपातनम् ॥ ३९ ॥

જ્યાં આંસુ સારતા દુઃખી માણસો રુદન કરે છે ત્યાં કાવ્યરચના માટે ચિત્ત કેમ આસક્ત થાય? ૩૯

साधनाभावतो यत्र म्रियन्ते बहवो नराः ।
वेदांतस्य विचारो हि कथं हर्षप्रदो भवेत् ॥ ४० ॥

જે ઠેકાણે સાધનના અભાવે ઘણા માણસો મરે છે ત્યાં વેદાન્ત-શાસ્ત્રનો વિચાર કેમ હર્ષ આપે? ૪૦

वस्त्रेण रहिता यत्र शीततौं परिपीडिताः ।
बहुमूल्यानि वस्त्राणि क्रेतुं किं जायते स्पृहा ॥ ४१ ॥

જ્યાં ઠંડીની ૠતુમાં વસ્ત્ર વિના માણસો પીડાય છે ત્યાં ઘણાં મૂલ્યવાન્ વસ્ત્રો ખરીદવા કેમ ઇચ્છા થાય છે? ૪૧

दर्शं दर्शं दशां दीनां देशस्य दुःखितामपि ।
धनस्य संचये केन धनिनो निरता सदा ॥ ४२ ॥

દેશની દીન અને દુઃખી દશાને વારંવાર જોઇને પણ શા માટે ધનવાનો ધન સંઘરી રાખવા પ્રેમ રાખે છે? ૪૨

जहाहि कुमतिं मित्र जहिहि नीचसंगतिम् ।
जहीहि सज्जनैर्वैरं त्यज खेदकरं वचः ॥ ४३ ॥

હે મિત્ર, કુમતિનો ત્યાગ કર; નીચની સોબત તજી દે, સજ્જનોની સાથે વૈરનો ત્યાગ કર અને ખેદદાયક વચન તજી દે. ૪૩

अस्थिरत्वं गते चित्ते कार्यसिद्धिर्न जायते ।
स्थिरता मनसो नूनं कार्यसिद्ध्यै प्रकल्पते ॥ ४४ ॥

જ્યારે ચિત્ત અસ્થિર થાય છે ત્યારે કાર્યસિદ્ધિ થતી નથી; મનની સ્થિરતા ખરેખર કાર્ય સાધનારી મનાય છે. ૪૪

अनलेन समः क्रोधः कथितः कविसत्तमैः ।
अशान्तः सकलं क्षेमं नाशयत्येव सत्वरम् ॥ ४५ ॥

કવિવરોએ ક્રોધને અગ્નિ સમાન ગણ્યો છે; તે જો શાંત ન થાય તો સર્વ કલ્યાણનો સત્વર નાશ કરે છે. ૪૫

बिभेति यो जनो दुःखात्तस्य तन्निकटं व्रजेत् ।
इष्यते यन्नरैः किंचित्प्रीत्या सुलभतां भजेत् ॥ ४६ ॥

જે માણસ દુઃખથી ડરે છે તેની પાસે તે આવે છે માણસો જે પ્રેમપૂર્વક ઇચ્છે છે તે સુલભ થાય છે. ૪૬

प्रेम्णा यच्छक्यते कर्तुं प्रशंसाभाजनं हि तत् ।
प्रेम्णा द्वेषजयो मित्र जायते कथितं किल ॥ ४७ ॥

જે પ્રેમથી થઇ શકે છે તે પ્રશંસાપાત્ર છે; પ્રેમથી દ્વેષ પર જય મળે એમ કહેવાયું છે. ૪૭]

विद्यया रहितं लोके जीवनं मरणं मतम् ।
विद्यायामतुलो हर्षो विद्यया मोक्षमश्नुते ॥ ४८ ॥

વિદ્યા વિનાનું જીવન મરણ સમાન ગણાય છે, વિદ્યામાં અપાર આનંદ છે અને વિદ્યાથી માણસ મોક્ષ મેળવે છે. ૪૮

यस्य चेतः प्रभौ लीनं तच्चिंतां कुरुते प्रभुः ।
शरणं तं प्रभुं गत्वा निराशा नहि लभ्यते ॥ ४९ ॥

જેનું ચિત્ત પ્રભુમાં લીન છે તેની ચિન્તા પ્રભુ કરે છે; તેને શરણે જવાથી નિરાશા મળતી નથી. ૪૯

परार्थे निरतो योऽस्ति तत्क्षेमाय जगत्सदा ।
यतते नहि शंकाया अवकाशोऽत्र वर्तते ॥ ५० ॥

જે પારકાનાં હિત માટે લાગેલો છે તેના હિત માટે જગત્ હંમેશાં યત્ન કરે છે એમાં શંકાને સ્થાન નથી. ૫૦

अन्धकारमयो मार्गो जगतः खलु विद्यते।
दम्भाभिमानयुग्मे हि जगतः प्रेम वर्तते ॥ ५१ ॥

આ જગતનો માર્ગ અંધકારથી ભરેલો છે; દંભ અને અભિમાનમાં જગતને પ્રેમ છે. ૫૧

स्मारं स्मारं निजं दुःखं संतापो वर्धते नृणाम् ।
विस्मृत्य हि नरो नूनं नाशयत्यत्र तद् भुवि ॥ ५२ ॥

વારંવાર દુઃખને યાદ કરવાથી માણસોનો સંતાપ વધે છે; પણ તેને ભૂલી જવાથી માણસ તેનો નાશ કરે છે. ૫૨

श्रद्धया सर्वसंपत्तिर्वृणुते खलु मानवम् ।
श्रद्धया सत्वरं नृणां दुःखं गच्छति तानवम् ॥ ५३ ॥

શ્રદ્ધાને લીધે સર્વ સંપત્તિ માણસને વરે છે; શ્રદ્ધાથી માણસનું દુઃખ સત્વર ઓછું થઇ જાય છે. ૫૩

धनिकानां कृपां लब्धुं बहवो यत्नतत्पराः ।
नारायणकृपाप्राप्तौ यतन्ते विरला नराः ॥ ५४ ॥

ધનવાનોની કૃપા મેળવવાને ઘણા માણસો યત્ન કરે છે; પ્રભુની કૃપા મેળવવાને બહુ જુજ માણસો યત્ન કરે છે. ૫૪

काव्यकुसुममालेयं वल्लभदासवर्मणा ।
रचिता पूर्तिमायाता भगवत्तनुजन्मना ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ।



ગુજરાતી કાવ્યમાળા

લેખિકા:-બહેન લક્ષ્મીબાઇ નારાયણજી કોટક ઉ. વ. ૧૫

ઈશ્વરસ્તુતિ

લલિત

જગત જાળમાં હું ફસી રહી,
સ્મરણ તારૂં હું ના કરી શકી.
સ્મરણ તારૂં રે હું હવે કરૂં,
સમજું થાઉં એ બુદ્ધિ આપજે—૧

સકળ લોકના નાથ હે પ્રભો,
તુજ કૃપાવડે આપદા ટળે.
બહુજ ભૂલ મેં છે કરી સદા,
વિનતિ હું કરૂં માફી આપજે—૨

વિદ્યા

ઈન્દ્રવજ્રા.

વિદ્યા નરોનું ધન ગુપ્ત છે રે
વિદ્યા ગુરૂનો પણ રે ગુરૂ છે
વિદ્યા વિદેશે પણ બંધુ જેવી
વિદ્યા વિના માણુસ છે મરેલો.—૩

વિદ્યા થકી માણુસ ધન્ય છેજ
વિદ્યા થકી મોક્ષ મળી શકે છે
વિદ્યા પ્રભુને ઘણુ છે વહાલી
વિદ્યા થકી દુઃખ ટળી શકે છે—૪
